**SMART CITY AHMEDABAD DEVELOPMENT LIMITED**
**Registered Office : Command & Control Center,**
**Opp. Divan Ballubhai School, Near NID Junction,**
**Paldi, Ahmedabad - 380007**

સ્માર્ટ સીટી અમદાવાદ ડેવલોપમેન્ટ લીમીટેડમાં નીચે દર્શાવેલ ૧૧ માસના કોન્ટ્રાક્ટ આધારિત જગ્યાઓ ભરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી તા.૨૫/૦૭/૨૦૨૫ ના રોજ સાંજના ૫:30 કલાક સુધીમાં મળે તે રીતે રૂબરૂમાં અથવા RPAD / કુરીયર માધ્યમથી ઉપર જણાવેલ સરનામા પર અરજીઓ મંગાવવામાં આવે છે.

| Sr. No. | Name of The Post | Vacancy | Required Experience | Required Qualification | Monthly Pay Scale |
|---|---|---|---|---|---|
| 1 | GIS Manager | 1 | Minimum of 8-10 years of experience in GIS management for urban/cities/smart cities, with at least 3 years in a supervisory or leadership role.<br>- Proven track record of managing GIS projects and teams in a municipal or government setting.<br>-Experience with GIS software such as ArcGIS, QGIS, and other relevant tools.<br>-Demonstrated experience in spatial analysis, database management, and GIS application development | Bachelor's degree in Geography, Geospatial Science, Urban Planning, Environmental Science, Information Technology, Civil Engineering or a related field.<br><br>-A Master's degree in a relevant discipline is preferred | 60,000-80,000 |
| 2 | GIS Coordinator - Engineering | 1 | Minimum of 3-5 years of experience working with GIS in civil engineering, urban infrastructure, or related fields.<br>-Experience working with water, drainage, and road systems. | Bachelor's degree in civil engineering, Geospatial Sciences, or a related field<br><br>-Certification in GIS is preferred. | 45,000-55,000 |
| 3 | GIS Coordinator IT/MIS | 1 | Minimum of 3-5 years of experience integrating GIS with MIS/ERP systems.<br>-Experience in database management, system integration, and working with large-scale enterprise systems. | Bachelor's degree in Information Technology, Computer Science, GIS, or related fields.<br><br>- Certification in GIS is preferred. | 45,000-55,000 |
| 4 | GIS Coordinator -Town Planning | 1 | - Minimum of 3-5 years of experience working with GIS in urban planning or land use management. | - Bachelor's degree in Urban Planning, Geography, GIS, or a related field. | 45,000-55,000 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | -Experience with town planning GIS applications and urban data analysis. | Certification in GIS is preferred. | |

**-: ઉપરોક્ત જગ્યા માટે અરજી કરતી વખતે ઉમેદવારે ધ્યાને લેવાની અગત્યની સુચનાઓ :-**

1. ઉપરોક્ત જગ્યાઓ માટેની ભરતી તદ્દન હંગામી અને ૧૧ માસના કરાર આધારિત રહેશે. જે અંગે ઉમેદવાર ભવિષ્યમાં સ્માર્ટ સીટી અમદાવાદ ડેવે. લી. કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ખાતે કાયમી નોકરી મેળવવા અથવા અન્ય કોઇ લાભો મેળવવાને હક્કદાર રહેશે નહી.
2. ઉમેદવારે અરજીમાં અરજીપત્રક સાથે જન્મતારીખ, વય, ઓળખ, વૈવાહિક સ્થિતિ, રહેઠાણ, શૈક્ષણિક લાયકાત, અનુભવ વિ. તમામનાં જરૂરી પુરાવા યોગ્ય રીતે સામેલ કરવાના રહેશે.
3. ઉમેદવારે અરજીમાં દર્શાવેલ વિગતો અને સામેલ કરેલ દસ્તાવેજો કરાર આધારિત ભરતીની સમગ્ર પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવા સ્માર્ટ સીટી અમદાવાદ ડેવલોપમેન્ટ લીમીટેડ માગે ત્યારે અસલમાં (પ્રમાણિત નકલો સહિત) રજૂ કરવાના રહેશે. ચકાસણી દરમ્યાન અરજીમાં ભરેલ વિગતો તથા પુરાવામાં ફેરફાર અથવા તફાવત જણાશે તો ઉમેદવારી રદબાતલ ગણવામાં આવશે.
4. ઉમેદવારે અરજી સાથે પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ ફરજિયાતપણે સામેલ કરવાનો રહેશે. ઉમેદવારે જે પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ બીડેલ હોય, તે ફોટોગ્રાફ ની વધુ કોપીઓ પોતાની પાસે રાખવાની રહેશે અને આગળની ભરતી પ્રક્રિયા (લેખિત પરીક્ષા/ઇન્ટરવ્યુ) સમયે તે જ ફોટોગ્રાફ રજૂ કરવાનો રહેશે.
5. કોઇપણ ઉમેદવાર એક જ જગ્યા માટે એક કરતાં વધુ અરજી કરશે તો તેઓની અરજી/અરજીઓ રદ કરવા અંગે નિર્ણય કરવાની સત્તા સ્માર્ટ સીટી અમદાવાદ ડેવલોપમેન્ટ લીમીટેડ ની રહેશે.
6. ઉંમર, લાયકાત અને અનુભવ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ના રોજની ગણવામાં આવશે.
7. માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સીટીનું કન્વર્ઝન કોષ્ટક રજૂ કરવાનું રહેશે.
8. જાહેરાતમાં માંગ્યા મુજબની શૈક્ષણિક લાયકાત/ડીગ્રી મેળવ્યા બાદનો જ અનુભવ માન્ય ગણવામાં આવશે. તે પહેલાનો અનુભવ કોઇપણ સંજોગોમાં માન્ય ગણાશે નહિ. અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો(દિવસ, માસ, વર્ષ) તથા બજાવેલ ફરજોનો પ્રકાર/મેળવેલ અનુભવની વિગતો સહીત માન્ય સંસ્થાનું ઇન્વર્ડ/આઉટવર્ડ નંબર તથા તારીખ સાથેનું જ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. માત્ર ઓફર લેટર કે એપોઇમેન્ટ લેટર અનુભવના પુરાવા તરીકે અમાન્ય ગણાશે. પરંતુ જો તેની સાથે વખતોવખત સંસ્થા દ્વારા અપાયેલ ઇજાફા કે પ્રમોશનના પુરાવા કે અન્ય આધારભૂત ગણી શકાય તેવા પુરાવા રજૂ કર્યેથી તેની પૂરતી ચકાસણી કાર્યા બાદ યોગ્ય જણાયેથી આવો અનુભવ માન્ય ગણવા અંગે સ્માર્ટ સીટી અમદાવાદ ડેવલોપમેન્ટ લીમીટેડ નો. નિર્ણય આખરી રહેશે.

9. મહિલા ઉમેદવાર જો તેમના પિતાને બદલે પતિના નામે અરજી કરવા માંગતા હોય તો તેમણે લગ્ન રજીસ્ટ્રેશનની નકલ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે ફરજીયાત પણે રજુ કરવાની રહેશે.
10. ઉમેદવારોએ આ જગ્યાની આગળની ભરતી પ્રક્રિયા અંગેની જાણકારી માટે સ્માર્ટ સીટી અમદાવાદ ડેવલોપમેન્ટ લીમીટેડ ની વેબસાઇટ www.smartcityahmedabad.com જોતા રહેવા વિનંતી છે.
11. ઉમેદવારે લેખિત પરીક્ષા/ઇન્ટરવ્યુ માટે સ્વખર્ચે આવવાનું રહેશે.
12. પસંદગી પ્રક્રીયાના અધિકારો સ્માર્ટ સીટી અમદાવાદ ડેવલોપમેન્ટ લીમીટેડ પાસે અબાધિત રહીશે અને સ્માર્ટ સીટી અમદાવાદ ડેવલોપમેન્ટ લીમીટેડ નો નિર્ણય આખરી ગણાશે.
13. પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂંક સત્તાધારી ઠરાવે તે શરતોને આધિન રહેશે.
14. પસંદગી પામેલ ઉમેદવારે સ્માર્ટ સિટી અમદાવાદ ડેવે.લી/અ.મ્યુ.કો સાથે નોન-ડીસ્ક્લોઝર એગ્રીમેન્ટ સહી કરવાનો રહેશે તેમજ ફરજમાંથી મુકત થતાં સમયે SCADL/ અ.મ્યુ.કો.ની તમામ tangible અને intangible મિલકતો પરત કરવાની રહેશે.
15. પસંદગી પામેલ ઉમેદવારે ફરજનાં સમય દરમિયાન કે ફરજમાંથી મુકત થયા બાદ SCADL/ અ.મ્યુ.કો.ની કોઈ પણ tangible અને intangible સંપત્તિનો ઉપયોગ અન્ય કોઈ જગ્યાએ કે અન્ય કોઈ હેતુસર કરી શકશે નહિં. જો કોઈ ઉમેદવાર આમ કરતાં જણાશે તો કાયદાકીય રાહે પગલાં લેવામાં આવશે.
16. ઉમેદવારે અરજીમાં કોઇપણ વિગત ખોટી દર્શાવેલ હશે અથવા ભરતી પ્રક્રિયાના તબક્કે ખોટી માલૂમ પડશે તો તેમની અરજી જે તે તબક્કે રદ કરવામાં આવશે. તેમજ ભવિષ્યમાં પણ ઉમેદવારે નિમણૂક સમયે રજૂ કરેલ જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, અનુભવ અને અન્ય પુરાવા ખોટા માલૂમ પડશે કે શંકાસ્પદ જણાશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમજ આવા ઉમેદવારની પસંદગીથી નિમણૂક થયેલ હશે તો કોઇપણ તબક્કે નિમણુંક રદ કરવામાં આવશે.
17. સીધી કે આડકતરી રીતે સિલેકશન કમિટીના સભ્યો ઉપર લાવવામાં આવેલ દબાણ ઉમેદવારની ગેરલાયકાતમાં પરિણમશે.
18. આપેલ જાહેરખબર કોઇપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેવા સંજોગોમાં તેમ કરવાનો સ્માર્ટ સીટી અમદાવાદ ડેવલોપમેન્ટ લીમીટેડ નો સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને સ્માર્ટ સીટી અમદાવાદ ડેવલોપમેન્ટ લીમીટેડ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.
19. જાહેરખબરમાં આવેલ અરજીઓની સંખ્યાને ધ્યાને લઇ આગળની ભરતી પ્રક્રિયા માટે ઉમેદવારોને માન્ય ગણવા અંગે નીતી નક્કી કરવા ચેરમેનશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

**સ્માર્ટ સીટી અમદાવાદ ડેવલોપમેન્ટ લીમીટેડ**